Emirates

Dear Jay,

It
તમે સીડનીમાં Awakinની શરૂઆત
કરી એ ખૂબ સંતોષ અને આનંદ
અનુભવું ની વાત છે.
થોડા દિવસ પર Awakin Berkely
ની મેજબાન થઈ સાથેની વાતમાં એણે
કહ્યું "૨૦૧૭ના વર્ષની મારી સૌથી
પ્રથમ resolution મારી પોતાની
સાધનામાં ઊંડાણ લાવવાનું છે
એ માટે Awakin સૌ પ્રથમ મને
જ મદદ કરે છે." એ સાંભળીને મને
થયું: આપણે આવી સમજણથી જો
Awakin host કરીએ તો એની
ખૂશબુ રાતરાણીના ફૂલની જેમ
સહજ અને ભીની ભીની થઈ જાય.
મારી સાધનામાં સહુને ભાગીદાર
બનાવું - એ સુંદર વિચારણા શરૂ
થયેલું દરેક કાર્ય આધ્યાત્મિકતા
અને સેવાનું સંમિશ્રણ દર્શાવે છે.
એ ભાગીદારી વહેંચતા ઘણી વાર

માત્ર એક જ વ્યક્તિ પણ મળે
અથવા અનેક મબલખ એક કરતાં
વધારે પછી એ બે હોય, બાર,
બાવીસ કે બાવીસ હજાર. સંખ્યાનું
અહીં કંઈ કામ નથી. ભાવનાની
મહત્તા છે
દરેક કાર્યની જેમ Awakin કંઈક અડચણ
ના યજમાનને પણ
આવવાની જ. કોઈક વખત નાની
અને કોઈક વખત ખૂબ મોટી.
અડચણનું પ્રમાણ અગત્યનું નથી
પણ એમાંથી ખૂબ તટસ્થતાથી
પસાર થવાનું
અને નિષ્કામ ભાવે ઇચ્છા લગાવ્યા
અગત્યનું છે. ગીતામાં
કર્મ કરવું એમ આપણે માત્ર
એ પણ ફળની,
કરવાનું છે અને અપેક્ષા વિના. અડચણ
સહેજ માત્ર તટસ્થ રહેવાનું અને
આવે ત્યારે
સાક્ષીભાવથી જોયા કરવાનું, પરિણામ
ચિંતા નથી માટે કર્મ શુદ્ધ થાય.
કસોટી →
મનની સ્થિરતાની પણ થાય ત્યારે
થાય. ધાર્યા કરતાં વિરુદ્ધ

Emirates

યાદ રાખવું પડે કે ધારવું જ આ
મારે ? અને આ અઘરૂ છે. પણ
આપણને કોઈએ ખાત્રી આપી
નથી કે આપણે જે કરીએ તે
સહેલું જ હોય! સોનુ કસોટીમાંથી
પસાર થાય ત્યારે જ ખરૂ કુંદન બને
પણ કસોટીઓમાંથી પસાર થવુ પડે
એ પણ જરૂરી નથી. ક્યારેક રસોઈ
બહુ સરસ થાય ક્યારેક ન પણ
થાય. આપણું કામ રસોઈ બનાવવાનું
કાર્યમાં પ્રેમ ~~અને~~ અને સેવા ઉમેરવાનું
છે. માત્ર સ્વાદ નહી. મનમાં આશા
ભાવના ઊગી કે માત્ર મારી
સાદી વાણીમાં પણ ભાવ ઉમેરું,
કુશળતા, પ્રેમ અને
Awakinના વજમાન તરીકે
સૌથી વધુ ભાગ તો આપણને જ
મળે છે. કારણ કે આવી practice
કરતાં કરતાં જીવન આખુ બદલાઈ
~~ત્યારે~~ ~~એટલે~~ ~~આપણુ~~ દરેક કાર્ય
મય છે અને ~~એવી~~ ~~એવું~~
આ વૃત્તિથી કરવાનુ સતત થતાં રહેતા

સ્વભાવ બની ગયો છે. આથી
વધુ સારી તક, જીવનને સુગંધી
બનાવવાની તક ક્યાંથી મળે?
મને તો એમ થાય કે મારે ઘરમાંથી
બહાર પગ નથી મુકવાનો, કોઈ
શિબિરમાં નથી જવાનું માત્ર પ્રેમ
અને સેવાની તક ઝડપ્યા કરવાની
છે. મારી બધી શક્તિઓને સ્વફુરીત
ક્રમશ: વધારવાની છે. અને ધીરે
ધીરે એ માત્ર એક દિવસ મારે
ન રહેતાં જીવનમાં - જીવન
સમગ્રમાં વણાઈ ગયું છે.

Awakenના યજમાનને એક સાદી
રીતે સમસ્યા "આતિથ્ય"ની આવતી
હોય છે. સંજોગવશાત બહારગામ
જવાનું થાય ત્યારે અનેક ક્રિયાઓ
આપે બહુ નિયતિ પર છોડી
દઈએ અને દેહલાથી ફરી પાછું
શરૂ કરીએ તો તો આપણી જ
પ્રગતિની ચાલ છે ને! સ્થિતિ પર
વિશ્વાસ રાખતા થઈએ અને
ક્યારેક દુન્યવી રીતે છેતરાયાની
ભાવના જાગે તો કર્મસંજોગે ~~[illegible]~~

Emirates

એવો પણ વિકાસ થાય છે કે
મારી ઉદારતા એવી કેળવું કે
કર્મસંજોગે જે ~~આ~~ બન્યું છે એને
સ્વીકારી લઉં.

થોડા સમય પર Awakinમાં
એક વાત સાંભળી કે Awakinના
એક hostને એક દિવસ puzzle
પછી એવી ભાવના થઈ કે ~~જે~~
મારી ઘર પરની ભોજન ઈચ્છા
ભરવાનું વસુલ છે આ
Awakinથી? ઘરમાં આપણે તો
રહેવાનું છે જ પણ આપણા
ઘરમાં પ્રેમથી આત્મસાધનાર્થે
કોઈ આવીને બેસે અને એમાં
આપણે પરમ સંતોષ લેતા થઈએ
એ કેવું સુંદર કર્માનુબંધ છે!
આપણે તો જમવાનું છે જ પણ
સાધના પછી આપણે જે જમતા
હોઈએ એ ભોગ તરીકે ~~જે~~ આ
અન્યને અર્પણ કરીએ તો એ પ્રસાદ

બની ગય ને!
જય આ flightમાંથી લખું છું
એટલે અક્ષર અસ્તવ્યસ્ત છે
કંઈક એવો વિચારો પણ વ્યવસ્થિત
નથી. Turbulence થયું છે પણ
ચિંતા નથી કારણ કે Awaking
host કરીને આત્મસાત થયુ
છે કે સ્થિરતા - અસ્થિરતા બંને
આવ્યા કરે એમાં આપણે ગભરાવાનું
શું ?

સંતોષી માની કથામાં સાંભળ્યુ
કે "મા સંતોષી જેવા મને ફળ્યા
એવા સહુ સાંભળનારને ફળજો!"
એવું જ ભાવના મને અહીં પણ
થાય છે.

તમને ગાડીને આ શુભ-શરૂઆત
બદલ અભિનંદન અને તમારી ગાડીની
આ વૃત્તિ કાયમ માટે સ્થિર રહે
એવી શુભેચ્છા.

ઉંમિદા આન્ટી.